# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૨(વિજ્ઞાન પ્રવાહ)ના પરીક્ષાર્થીઓની શાળા કક્ષાના પ્રાયોગિક વિષય કોમ્પ્યુટર (૩૩૨) વિષયની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી તા.૧૦/૦૨/૨૦૨૦ થી ૧૨/૦૨/૨૦૨૦ દરમ્યાન લેવામાં આવેલ છે. ઉક્ત તમામ પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઇટ gseb.org અથવા gsebpractical.in અથવા scischool.gsebpractical.in પરથી શાળા દ્વારા ઓનલાઇન તા:૧૪/૦૨/૨૦૨૦ થી તા:૦૪/૦૩/૨૦૨૦ દરમ્યાન ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે.

બોર્ડ કક્ષાના પ્રાયોગિક વિષય ( ૦૫૩-રસાયણ વિજ્ઞાન, ૦૫૫-ભૌતિક વિજ્ઞાન અને ૦૫૭-જીવ વિજ્ઞાન) પરીક્ષાના ગુણ તા.૧૪/૦૨/૨૦૨૦ થી તા.૨૪/૦૨/૨૦૨૦ સુધી ONLINE બોર્ડની વેબસાઈટ gseb.org અથવા gsebpractical.in અથવા scicenter.gsebpractical.in પરથી ગત વર્ષની જેમ ભરવાના રહેશે. જેની વિજ્ઞાન પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના સ્થળ સંચાલકશ્રીઓએ નોંધ લેવી.

પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ (ક) શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:- પરીક્ષાર્થીઓના માર્કસ પરીક્ષાર્થીઓને ફાળવેલ માર્ચ-૨૦૨૦ ની પરીક્ષાના SID NO ના આધારે ભરવાના રહેશે. ઓનલાઇન માર્કસ ભરવા માટેની તમામ સુચનાઓ લોગીન કર્યા બાદ ઓનલાઇન જોઈ શકાશે .

સહી/-

(જે. જી. પંડ્યા)

નાયબ નિયામક(પરીક્ષા)

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૧૩/૦૨/૨૦૨૦,ગુરૂવાર